


# ઓક્ટોબર ૨૦૧૫

# Most IMP Current Affairs











**Useful For....**
**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

www.crackgpsc.com

# ઓક્ટોબર ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

www.crackgpsc.com



# Most Imp Current Affairs – October 2015

## ➢ 1st week

- **ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ INS કોચીનું જલાવતરણ**



ભારતના રક્ષા મંત્રી મનોહર પર્રીકરે નેવલ ડોકયાર્ડમાં નેવીના યુદ્ધ જહાજ INS કોચીનું જલાવતરણ કર્યુ. આ વિશાળકાય જહાજ 164 મીટર લાંબુ અને 17 મીટર ઊંડું છે જે ચાર ગેસ ટર્બાઈનથી ચાલે છે. આ 30 નોટ સુધીની ગતિ પકડી શકે છે.

- **ચીને 20મો 'બેઈદોઉ' નેવિગેશન ઉપગ્રહ લોન્ચ કર્યો**

ચીને બેઈદોઉ નેવિગેશન ઉપગ્રહ લોન્ચ કર્યો. આનાથી નેવિગેશન અને પોઝીશનીંગ નેટવર્કમાં મદદ મળશે. ચીનની યોજના વર્ષ 2018 સુધી બેઈદોઉ સેવાનો વિસ્તાર 'બેલ્ટ એન્ડ રોડ' પ્રોજેક્ટના આસપાસના દેશોમાં કરવાનો છે.

- **ICC મહિલા ટીમના રેન્કિંગની શરૂઆત**

અંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે (ICC) ICC મહિલા ટીમના રેન્કિંગની શરૂઆત કરી. ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ આ રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ચોથા સ્થાને.

- **ભારતની જાદુગર જેનિયા બુમગારા મર્લિન એવોર્ડથી સન્માનિત**

ભારતની જેનિયા બુમગારાને મર્લિન એવોર્ડ (જાદુનો ઓસ્કાર)થી સન્માનિત કરવામાં આવી. મર્લિન એવોર્ડ જાદુ ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર જાદુગરને અંતરરાષ્ટ્રીય જાદુગર સોસાયટી દ્વારા આપવામાં આવે છે.

- **આઠમી એશિયન એર ગન ચેમ્પિયનશિપમાં હીના સિદ્ધુએ સુવર્ણ ચંદ્રક જીત્યો**

ભારતની મહિલા પિસ્ટલ શૂટર હીના સિદ્ધુએ 8મી એશિયન એર ગન ચેમ્પિયનશિપ દરમ્યાન મહિલાઓની 10 મીટર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. ભારત છ સુવર્ણ ચંદ્રક સહિત 17 ચંદ્રકો જીતીને ટેબલમાં ટોચ પર રહ્યું.

- **ફોર્બ્સ ઇન્ડિયા લીડરશિપ એવોર્ડ્સ 2015**

ફોર્બ્સ ઇન્ડિયા લીડરશિપ એવોર્ડ્સ 2015 મુંબઈમાં આપવામાં આવ્યા. આનો હેતુ દેશમાં સર્વશ્રેષ્ઠ સાહસિકોને ઓળખવાનો અને તેમનું સન્માન કરવાનો છે.

www.crackgpsc.com

મુખ્ય વિજેતા :

- આઉટસ્ટેન્ડિંગ સ્ટાર્ટ અપ ઓફ ધ યર - ભાવેશ અગ્રવાલ અને અંકિત ભાટી (ઓલા)
- બેસ્ટ સીઈઓ (પબ્લિક સેક્ટર) - અરુંધતિ ભટ્ટાચાર્ય (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા)
- બેસ્ટ સીઈઓ (પ્રાઇવેટ સેક્ટર) - સી પી ગુરનાની (ટેક મહિન્દ્રા લિ.)
- લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ ફોર ધ યર - આર સી ભાર્ગવ (મારુતિ સુઝુકી ઇન્ડિયા લિ.)
- એન્ટ્રપ્રિન્યુઅર ઓફ ધ યર - ઉદય કોટક (કોટક મહિન્દ્ર બેંક લિ.)

- **પોર્ટુગલના પિંટોએ એશિયાની પ્રિમીઅર માઉન્ટેન બાઇકિંગ રેસ જીતી**

પોર્ટુગલના લુઇસ લિયો પિંટોએ એશિયાની પ્રિમીઅર માઉન્ટેન બાઇકિંગ રેસ જીતી. આ જીત સાથે જ તેમણે બીજી વખત ‘કિંગ ઓફ ધ હિમાલય’નો ખિતાબ પણ જીત્યો.

- **ડૉ. અનૂપ કે. પુજારી સેલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર નિયુક્ત**

ડૉ. અનૂપ કે. પુજારીએ સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિ.ના (સેલ) ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) તરીકે પદભાર સંભાળ્યો. આ ઉપરાંત તેમને ઇસ્પાત વિભાગમાં સચિવ પદનો વધારાનો પદભાર પણ આપવામાં આવ્યો છે.

- **સરત કુમાર આચાર્યએ NLCના CMDનો પદભાર સંભાળ્યો**

સરત કુમાર આચાર્યએ નેવેલી લિગ્નાઇટ કોર્પોરેશન લિ. (NLC)ના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પદભાર સંભાળ્યો. NLCની સ્થાપના વર્ષ 1956માં થઇ હતી તથા તેનું મુખ્યાલય ચેન્નઈમાં આવેલ છે.

- **પોર્ટુગલ સંસદીય ચૂંટણીમાં સત્તારૂઢ પાર્ટીની જીત**

પોર્ટુગલની સંસદીય ચૂંટણીમાં સત્તારૂઢ ‘સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી’ (ગઠબંધન)ની જીત થઇ. ચૂંટણીમાં સત્તારૂઢ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીને 37% જ્યારે વિપક્ષી પાર્ટીને સોશિયાલિસ્ટને 32% મત મળ્યા. પોર્ટુગલના વડાપ્રધાન પેદ્રુ પાસૂશ કોજલિઓ, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી તરફથી ફરીથી નવી સરકારની રચના માટે નેતા તરીકે ચૂંટાયા.



- **શશાંક મનોહરની BCCIના અધ્યક્ષ તરીકે પસંદગી**

શશાંક મનોહરને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા. તેમને મિસ્ટર ક્લીનના નામથી પણ ઓળખવામાં આવે છે તથા તેઓ પોતાના સ્વચ્છ ટ્રેક રેકોર્ડ અને ક્રિકેટમાં અખંડિતતા જાળવી રાખવા માટે પણ ઓળખાય છે.

- **DRDOએ લેહમાં વિશ્વનું સૌથી ઊંચું રિસર્ચ સેન્ટર સ્થાપિત કર્યું**

ભારતીય ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા જમ્મુ-કાશ્મીરમાં લેહ નજીક ચાંગલામાં સમુદ્રની સપાટીએથી 17,600 ફીટની ઊંચાઈએ બનાવવામાં આવેલ રિસર્ચ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ કેન્દ્રનું ઉદઘાટન DRDOના પ્રમુખ એસ. ક્રિસ્ટોફરે કર્યું. આ વિશ્વનું સૌથી ઊંચું પૃથ્વી સંબંધી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર છે. અહીં બહુ ઊંચાઈવાળા બર્ફીલા સ્થળો પર ફરજ બજાવતા સૈનિકોના ખોરાકનો સામાન, કૃષિ અને જૈવ ચિકિત્સા વિજ્ઞાન ક્ષેત્રે શોધ અને વિકાસનું કામ કરવામાં આવશે.

- **ગેલની તાપી પ્રાકૃતિક ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટમાં 10% ભાગીદારી**

તુર્કમેનિસ્તાન-અફઘાનિસ્તાન-પાકિસ્તાન-ભારત અથવા તાપી (TAPI) વચ્ચેના પ્રસ્તાવિત પ્રાકૃતિક બહુરાષ્ટ્રીય ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટમાં ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિ. (ગેલ) દ્વારા 10% ભાગીદારી ખરીદવાનો અંદાજ છે.

તાપી

- આમાં તુર્કમેનિસ્તાનથી ભારત સુધી ગેસ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના માર્ગે લાવવામાં આવશે.
- તુર્કમેનિસ્તાનના દોલતાબાદથી ભારત-પાકિસ્તાન બોર્ડરથી પંજાબના શહેર ફાઝીલ્કા સુધીની લંબાઈ 1735 કિમી હશે.
- આનાથી દર વર્ષે ભારતને 33 બિલિયન ક્યુબિક મીટર (BCM) ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. જયારે પાકિસ્તાનને 42% તથા અફઘાનિસ્તાનને 16% ગેસ પૂરો પાડવામાં આવશે.
- આ વર્ષ 2018 સુધી કાર્ય ચાલુ કરી દેશે.
- આને શાંતિ પાઈપલાઈન પણ નામ આપવામાં આવેલ છે કારણકે તે આતંકવાદ ધરાવતા દેશો અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઈને પસાર થશે.
- તાપી પ્રોજેક્ટથી ભારતે ગેસ માટે ખાડી દેશો પર આધાર નહી રાખવો પડે તથા પોતાની ઊર્જા જરૂરીયાતોને પૂરી કરી શકશે.

- **મિશન ઇન્દ્રધનુષનું બીજું ચરણ આરંભ**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા મિશન ઇન્દ્રધનુષનું બીજું ચરણ શરૂ કરવામાં આવ્યું. મિશન ઇન્દ્રધનુષ અંતર્ગત બાળકો, ગર્ભવતી મહિલાઓ અને માતાઓમાં વિવિધ પ્રકારની બિમારીઓ અટકાવવા માટે રસીકરણ કરવામાં આવશે. બીજા ચરણમાં 352 જીલ્લા સમાવવામાં આવેલ છે.

- **માર્કેટના 50 પ્રભાવશાળી લોકોની વાર્ષિક સૂચિમાં મોદીને 13મું સ્થાન**

બિઝનેસ સમાચાર એજન્સી બ્લૂમબર્ગ દ્વારા માર્કેટના 50 પ્રભાવશાળી લોકોની વાર્ષિક સૂચિમાં (માર્કેટ મોસ્ટ ઇન્ફ્લુએન્સિઅલ લિસ્ટ) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 13મા સ્થાને. યાદીમાં પ્રથમ સ્થાને અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેનેટ યેલન છે. ચીનના વડાપ્રધાન શિ ઝિંગપિંગ બીજા, એપલના

www.crackgpsc.com

સીઈઓ ટિમ કુક ત્રીજા સ્થાને છે. સૂચિમાં નરેન્દ્ર મોદી ઉપરાંત એક અન્ય ભારતીય રુચિર શર્મા પણ સામેલ છે.

- **ટ્વિટરના સ્થાઈ સીઈઓ તરીકે જૈક ડોર્સી નિયુક્ત**

  ટ્વિટરે જૈક ડોર્સીને સ્થાઈ ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર નિયુક્ત કર્યા. તેઓ મોબાઈલ પેમેન્ટ કંપની સ્કવાયરના સીઈઓ પણ છે. ડોર્સીએ નૂહ ગ્લાસ, બિઝ સ્ટોન અને ઇવાન વિલિયમ્સ સાથે માર્ચ 2006માં માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટરની સ્થાપના કરી.

- **ભારત-જર્મની વચ્ચે 18 સહમતિ પત્રો પર હસ્તાક્ષર**

  ભારતની યાત્રા પર આવેલ જર્મન ચાંસલર એન્જેલા મર્કેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશોના પરસ્પર વેપાર અને વ્યુહાત્મક સહયોગના 18 ક્ષેત્રે MOU પર હસ્તાક્ષર કર્યા. જર્મનીએ ભારતમાં સૌર ઊર્જા માટે એક અબજ યુરોનું ભંડોળ એકત્ર કરવાની ઘોષણા કરી. સંરક્ષણ, સુરક્ષા, ગુપ્ત માહિતી, રેલવે, વેપાર, રોકાણ અને સ્વચ્છ ઊર્જા જેવા પ્રમુખ ક્ષેત્રે સંબંધો વિકસાવવામાં આવશે.

- **ભારત, જર્મની દ્વારા હરિત ઊર્જા કોરિડોર માટે બે કરાર પર હસ્તાક્ષર**

  ભારત અને જર્મનીએ 125 મિલિયન યુરોના બે કરાર કર્યા. આ કરારોનો હેતુ હરિત ઊર્જા કોરિડોર કાર્યક્રમને નાણાકીય સહાય આપવાનો છે. આ બે પ્રોજેક્ટ્સ હિમાચલ પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં કાર્યાન્વિત કરવામાં આવશે.




www.crackgpsc.com




- **વર્ષ 2015 માટે ચિકિત્સાના નોબલ પુરસ્કાર વિજેતા**

  ‘તૂ યૂયૂ’ (ચીન) : મેલેરિયા વિરુદ્ધ દવા આર્ટેમિસાઈનિન (artemisinin) તથા ડાઈહાઇડ્રોઆર્ટેમિસાઈનિન (dihydroartemisinin)ની શોધ કરી.

  ‘વિલિયમ સી. કેમ્પબેલ’ (USA) તથા ‘સતોષી ઓમુરા’ (જાપાન) : પરજીવીથી (roundworm parasites) થતા સંક્રમણ વિરુદ્ધ નવો ઉપચાર શોધ્યો.

- **વર્ષ 2015 માટેના રસાયણશાસ્ત્રના નોબલ પુરસ્કારની ઘોષણા**

  આ વર્ષે રસાયણશાસ્ત્રના નોબલ પુરસ્કાર માટે સ્વિડનના ટોમસ લીંડહલ, અમેરિકાના પોલ મોડ્રિક અને તુર્કીના અજીજ સંકરને સંયુક્ત રીતે પસંદ કરવામાં આવ્યા. આ ત્રણેને આ નોબલ તેમની DNA રીપેરની મિકેનિસ્ટિક સ્ટડી માટે આપવામાં આવેલ છે.

- **વર્ષ 2015 માટેના ભૌતિકશાસ્ત્રના નોબલ પુરસ્કારની ઘોષણા**

  જાપાનના તકાકી કજીતા અને અમેરિકાના આર્થર બી મેકડોનાલ્ડને ન્યુટ્રીનોના કંપનની શોધ માટે, જે એ દર્શાવે છે કે ન્યુટ્રીનોમાં દ્રવ્યમાન થાય છે, સંયુક્ત રીતે વર્ષ 2015ના ભૌતિકશાસ્ત્રના નોબલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.

- **હો સુંગ લી જળવાયુ પરિવર્તન પર આંતરસરકારી પેનલના અધ્યક્ષ**

  દક્ષિણ કોરિયાના જળવાયુ પરિવર્તન નિષ્ણાત હો સુંગ લીને જળવાયુ પરિવર્તન પર આંતરસરકારી પેનલ (IPCC)ના નવા અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા. તેઓ આર કે પચોરીનું સ્થાન લેશે. પચોરીએ IPCCના અધ્યક્ષ પદેથી ફેબ્રુઆરીમાં રાજીનામું આપ્યું હતું.

- **રેફ બદાવી અને જેમ્સ ફેંટનને સંયુક્ત રીતે પેન પિંટર પુરસ્કાર**

  સાઉદી આરબના બ્લોગર અને સામાજીક કાર્યકર્તા રેફ બદાવી અને જેમ્સ ફેંટનને પેન પિંટર પુરસ્કાર આપવામાં આવ્યો. રેફ બદાવી વર્ષ 2012થી સાઉદી આરબ સ્થિત જેદ્દાહની જેલમાં કેદ છે. તેમના પર ‘ઇસ્લામી મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો અને ઉદાર વિચારોના પ્રચાર’નો આરોપ છે. ફેંટન બ્રિટીશ કવિ, પત્રકાર અને સાહિત્યિક આલોચક છે.

  **પેન પિંટર પુરસ્કાર**

www.crackgpsc.com

પેન પિંટર પુરસ્કારની સ્થાપના ઇંગ્લિશ પેન દ્વારા વર્ષ 2009માં નોબલ પુરસ્કાર વિજેતા નાટ્યકાર હેરોલ્ડ પિંટરના માનમાં કરવામાં આવી હતી. આનો હેતુ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ઉત્કૃષ્ટ લેખકોને પ્રોત્સાહન આપવાનો છે.

- **INS અસ્ત્ર ધારિણી ભારતીય નૌકાદળમાં સામેલ**

  ભારતીય નૌકાદળે પ્રથમ સ્વદેશ નિર્મિત ટોરપીડો લોન્ચ અને રિકવરી શિપ INS અસ્ત્ર ધારિણીને વિશાખાપટ્ટનમ નેવી પોર્ટમાં સામેલ કર્યું. 50 મીટરની લંબાઈવાળા અને 15 નોટિકલ માઈલ સુધીની ગતિવાળા આ શિપનો ઉપયોગ NSTL દ્વારા વિકસિત પાણીની અંદર થનાર હથિયારોના ટેક્નિકલ ટેસ્ટ માટે કરવામાં આવશે.

- **નયનતારા સાયગલે સાહિત્ય એકેડમી પુરસ્કાર પરત કરવાની ઘોષણા કરી**

  પંડિત જવાહરલાલ નહેરુનાં ભાણી પ્રસિદ્ધ લેખિકા નયનતારા સાયગલે પોતાનો સાહિત્ય એકેડમી પુરસ્કાર પરત કરવાની ઘોષણા કરી. તેમણે કેન્દ્ર સરકાર પર દેશની સાંસ્કૃતિક વિવિધતા જાળવી નહી રાખી શકવાનો આરોપ મુકતાં આ ઘોષણા કરી. નયનતારા સાયગલને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર વર્ષ 1986માં તેમની અંગ્રેજી નવલકથા રિચ લાઈક અસ માટે આપવામાં આવ્યો હતો. હિન્દીના પ્રસિદ્ધ સાહિત્યકાર અશોક વાજપાઈએ પણ સાહિત્ય એકેડમી સમ્માન પરત કર્યું.

- **PMSSY હેઠળ ત્રણ નવા એમ્સની સ્થાપનાને મંજુરી**

  પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY) હેઠળ ત્રણ નવા અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાની (એમ્સ) સ્થાપનાને મંજુરી આપવામાં આવી. આ સંસ્થા નાગપુર (મહારાષ્ટ્ર), મંગલાગિરી (આંધ્રપ્રદેશ) અને કલ્યાણી (પ. બંગાળ)માં સ્થાપવામાં આવશે.

## ➢ 2nd week

- **ભારત સરકારના હેવી ઉદ્યોગ વિભાગ અને જર્મનીના ફ્રાઉનહોફર વચ્ચે MOU**

  ભારત સરકારના હેવી ઉદ્યોગ વિભાગ (Department of Heavy Industries) અને જર્મનીના ફ્રાઉનહોફર વચ્ચે MOU કરવામાં આવ્યા. આનો હેતુ ભારતીય ઉદ્યોગોમાં નવાચાર અને ટેક્નિકલ સ્કીલને વધારીને 'મેક ઇન ઇન્ડિયા' કાર્યક્રમને સમર્થન અને પ્રોત્સાહન આપવાનો છે.

- **UN હેડ ક્વાર્ટરમાં પ્રસ્તુત કરવામાં આવ્યો 'નેલ્સન મંડેલા રુલ'**

  સંયુક્ત રાષ્ટ્રોએ (UN) કેદીઓની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે પોતાના માપદંડ લઘુત્તમ નિયમોમાં સુધારો કરીને તેનું નામ 'નેલ્સન મંડેલા રુલ' કરી દીધું. આ નિયમ વૈશ્વિક સ્તરે જેલ કાયદાઓ અને નીતિઓના વિકાસ માટે એક ગાઈડ તરીકે કામ કરશે.

- **ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ફીફા'ના અધ્યક્ષ સેપ બ્લેટર સસ્પેન્ડ**

'ફીફા'ના અધ્યક્ષ સેપ બ્લેટરને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરાયા. આ સસ્પેન્સન તેમના વિરુદ્ધ ગુનાહિત નિષ્પક્ષ તપાસ માટે કરવામાં આવ્યું. સ્વિટઝર્લૅન્ડના સેપ બ્લેટર વર્ષ 1998થી ફીફા અધ્યક્ષ પદે છે.

- **ભારતીય ફર્મ નુઆલ્ગીએ પોપ્યુલર ચોઈસ એવોર્ડ મેળવ્યો**

નેનો ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત ભારતીય કંપની નુઆલ્ગીએ પોપ્યુલર ચોઈસ એવોર્ડ મેળવ્યો. નુઆલ્ગી આ પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય કંપની બની ગઈ છે. ભારતીય કંપનીએ સુએઝ ટ્રીટમેન્ટ માટે વીજળી અને બળતણનો વપરાશ ઓછો કરવા માટે તથા નેનો પાયે ઉત્પાદન માટે પાણીના પુનઃ ઉપયોગના નિર્માણને નુઆલ્ગીનું નામ આપ્યું છે.

- **સંગીતકાર એ. આર. રેહમાન સેશેલ્સના સાંસ્કૃતિક દૂત તરીકે નોમિનેટેડ**



ભારતના પ્રસિદ્ધ સંગીતકાર એ. આર. રેહમાનને સેશેલ્સના સાંસ્કૃતિક દૂત તરીકે નોમીનેટ કરવામાં આવ્યા. 'સ્લમડોગ મિલિયોનર'માં પોતાના કામ માટે ગીતકાર ગુલઝાર સાથે રેહમાને વર્ષ 2009માં 'બેસ્ટ ઓરીજીનલ સ્કોર એન્ડ બેસ્ટ ઓરીજીનલ સોંગ' માટે ઓસ્કાર એવોર્ડ જીત્યો હતો.

- **સ્વેતલાના એલેક્સિવિચની 2015 માટે સાહિત્યના નોબલ પુરસ્કાર માટે પસંદગી**

સ્વિડિશ એકેડમી દ્વારા બેલારુસનાં લેખિકા સ્વેતલાના એલેક્સિવિચને વર્ષ 2015ના સાહિત્યના નોબલ પુરસ્કાર માટે વિજેતા ઘોષિત. વર્તમાન સમયના પડકારો અને સાહસોથી ભરપુર અનેક ગુણોવાળા લેખન માટે તેઓની આ પુરસ્કાર માટે પસંદગી કરાઈ. સ્વેતલાનાએ આઈ વિટનેસીસની મદદથી ચર્નોબિલ દુર્ઘટના અને દ્વિતીય વિશ્વયુદ્ધના ભાવનાત્મક પક્ષ રજુ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ ઉભી કરી છે. સ્વેતલાના એલેક્સિવિચ સંશોધક પત્રકાર અને પક્ષી વૈજ્ઞાનિક તરીકે પણ ઓળખાય છે. તેમની કૃતિઓમાં 'વોઇસીસ ફ્રોમ ચર્નોબિલ', 'જીન્કી બોયઝ', 'વોર્સ અનવુમનલી ફેસ' સામેલ છે.

- **ભારત-વિયેતનામ વચ્ચે ડબલ ટેક્સેશન એવોઈડન્સ માટે પ્રોટોકોલને મંજુરી**

કેન્દ્રીય મંત્રીમંડળે ડબલ ટેક્સેશન એવોઈડન્સ અને આવક પર ટેક્સના કેસમાં રેવન્યુ ચોરીને રોકવા માટે ભારત અને વિયેતનામ વચ્ચે થયેલ કરારમાં સુધારો કરનાર પ્રોટોકોલને પોતાની મંજુરી આપી.



- **ગેનેટ કંપનીએ જર્નલ મીડિયાનું અધિગ્રહણ કરવા માટે સહમતિ દર્શાવી**

  સાર્વજનિક મીડિયા હોલ્ડિંગ કંપની, ગેનેટ કંપની ઇંકે સમાચાર પત્ર કંપની જર્નલ મીડિયા ગ્રુપનું 280 મિલિયન અમેરિકન ડોલરમાં અધિગ્રહણ કરવાની સમજુતી માટે સહમતિ દર્શાવી. આ સમજુતી કરાર બાદ ગેનેટનો અમેરિકામાં 100થી વધુ પ્રકાશનો પર અધિકાર હશે.

- **ICICI બેંકે એમ-વિઝા નામની મોબાઈલ પેમેન્ટ સેવા શરુ કરી**

  ICICI બેંકે મોબાઈલ પેમેન્ટ સેવા એમ-વિઝા શરુ કરી. આના દ્વારા ગ્રાહક બિલોનું સ્માર્ટફોનથી જ પેમેન્ટ કરી શકે છે. અત્યારે આ સેવા બેંગલુરુમાં 1500 વેપારીઓ સાથે શરુ કરવામાં આવેલ છે. અહીં સફળતા મળ્યા બાદ જ આને અન્ય શહેરોમાં શરુ કરવામાં આવશે.

- **અમૃતા શેરગિલના ચિત્રની લંડનમાં 17 લાખ પાઉન્ડમાં હરાજી**

  ભારતીય ચિત્રકાર અમૃતા શેરગિલના એક દુર્લભ ચિત્રની લંડનના સોથબી નીલામઘરમાં 17 લાખ પાઉન્ડમાં હરાજી થઇ. આ પહેલાં શેરગિલનું બનાવેલ ચિત્ર 2.9 મિલિયન પાઉન્ડમાં વેચાયું હતું, જે કોઈ પણ ભારતીય મહિલા કલાકાર માટે એક રેકોર્ડ છે.

- **ટાટા પાવરે મુંબઈમાં LED ટ્યુબ લાઈટ યોજના શરુ કરી**

  ભારતની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ પાવર કંપની ટાટા પાવરે પોતાના રેસિડેન્સિઅલ કન્ઝ્યુમર્સ માટે મુંબઈમાં LED ટ્યુબલાઈટ યોજના શરુ કરી. આ હેઠળ લોકોના ઘરોમાં 40 વોટના સ્થાને 22 વોટની ટ્યુબલાઈટ લગાવવામાં આવશે. આ માટે લોકો પાસેથી દર પાંચ ટ્યુબલાઈટે માત્ર 525 રૂપિયા લેવામાં આવશે જયારે બજારમાં આના સામાન્યતઃ 1325 રૂપિયા લેવામાં આવે છે.

- **ફોર્બ્સની એશિયાના 10 સૌથી અમીર લોકોની યાદીમાં ત્રણ ભારતીય સામેલ**

  ફોર્બ્સ મેગેઝીન દ્વારા પ્રસ્તુત એશિયાની 10 સૌથી અમીર લોકોની યાદીમાં ત્રણ ભારતીય - મુકેશ અંબાણી, અઝીમ પ્રેમજી અને સાયરસ મિસ્ત્રી પરિવાર સામેલ. અંબાણી પરિવારનું સ્થાન આ યાદીમાં ત્રીજું છે. યાદીમાં સૌથી ટોચ પર સાઉથ કોરિયાનો લી પરિવાર છે, જે સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ કંપનીના પ્રમોટર છે.

- **ગ્લોબલ વોર્મિંગની અસરો પર નિયંત્રણ માટે રોકાણ વધારવા માટે વી 20 ગ્રુપ**

  20 દેશોના નાણા મંત્રીઓએ ગ્લોબલ વોર્મિંગના પ્રભાવ પર નિયંત્રણ માટે વી 20 ગ્રુપની શરૂઆત કરી. વી 20ની પૂર્વધારણા 2013-15માં કોસ્ટા રિકા એક્શન પ્લાન ઓફ ધ ક્લાઈમેટ વનરેબલ ફોરમમાં (CVF) બની હતી.

  **વી 20 સભ્યો :**

  અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, બારબાડોસ, ભૂટાન, કોસ્ટા રિકા, ઈથિયોપિયા, ઘાના, કેન્યા, કીરીબાતી, માડાગાસ્કર, માલદીવ, નેપાળ, ફિલિપિન્સ, રવાંડા, સેંટ લુસિયા, તાન્ઝાનિયા, તિમોર-લેસ્ટે, તુવાલુ,

www.crackgpsc.com

વાનુઆતૂ અને વિયેતનામ.

- **એ. આર. રેહમાન હૃદયનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત**

ઓસ્કાર વિજેતા સંગીતકાર એ. આર. રેહમાનને પાંચમા હૃદયનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેમને આ પુરસ્કાર ભારતીય સંગીત ક્ષેત્રે અતુલ્ય યોગદાન માટે આપવામાં આવ્યો.

**હૃદયનાથ મંગેશકર પુરસ્કાર :**

- આ પુરસ્કારની શરૂઆત મુંબઈની સામાજિક-સાંસ્કૃતિક સંસ્થા હૃદયેશ આર્ટ દ્વારા હૃદયનાથ મંગેશકરના સન્માનમાં આપવામાં કરવામાં આવી.
- હૃદયનાથ પ્રસિદ્ધ સંગીતકાર દીનાનાથ મંગેશકરના પુત્ર તથા લતા મંગેશકર અને આશા ભોંસલેના નાના ભાઈ હતા.
- આ પુરસ્કાર વર્ષ 2011થી દર વર્ષે ભારતીય સંગીત ક્ષેત્રે યોગદાન આપવા માટે આપવામાં આવે છે.
- પ્રથમ હૃદયનાથ પુરસ્કાર લતા મંગેશકરને આપવામાં આવ્યો હતો.

**અલ્લાહ-રક્ખા રેહમાન :**

- એ. આર. રેહમાન ભારતીય સંગીતકાર, ગીતકાર, લેખક, સંગીત નિર્માતા અને સામાજિક કાર્યકર્તા છે.
- તેમના ફિલ્મોમાં યોગદાનને કારણે તેમને મોઝાર્ટ ઓફ મદ્રાસ પણ કહેવામાં આવે છે તથા તમિલ ફેન્સ તેમને ઈસાઈ પુયાલના (સંગીત ક્ષેત્રમાં તોફાન) નામથી બોલાવે છે.

- **ટ્યુનીશિયાની નેશનલ ડાયલોગ ક્વાર્ટેટે 2015નો નોબલ શાંતિ પુરસ્કાર જીત્યો**

ટ્યુનીશિયાની નેશનલ ડાયલોગ ક્વાર્ટેટે વર્ષ 2015નો નોબલ શાંતિ પુરસ્કાર જીત્યો. તેમને આ પુરસ્કાર ટ્યુનીશિયામાં વર્ષ 2011ની જેસ્મીન ક્રાંતિ દરમ્યાન લોકતંત્રની સ્થાપનામાં મહત્વપૂર્ણ યોગદાન માટે આપવામાં આવ્યો. 'જેસ્મીન ક્રાંતિ' બાદ રાજનૈતિક હત્યાઓ અને અસ્થિરતા વચ્ચે આ ક્વાર્ટેટની રચના વર્ષ 2013માં કરવામાં આવી હતી.

- **પ્રસિદ્ધ સંગીતકાર રવિન્દ્ર જૈનનું નિધન**

જન્મથી જ અંધ પ્રસિદ્ધ સંગીતકાર રવિન્દ્ર જૈનનું નિધન. તેમણે સૌદાગર ફિલ્મથી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે ચોર મચાએ શોર, ચિતચોર, રામ તેરી ગંગા મૈલી, દો જાસૂસ અને હીના જેવી ફિલ્મોમાં સંગીત આપ્યું. તેમણે ધારાવાહિક રામાયણનું સંગીત પણ આપ્યું.

- **શેખર બસુ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ અને પરમાણુ ઊર્જા સચિવ નિયુક્ત**

પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શેખર બસુ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ અને પરમાણુ ઊર્જા સચિવ નિયુક્ત. ભારત સરકાર તેમને પરમાણુ ઊર્જા અને રિસર્ચ કાર્યમાં તેમના યોગદાન માટે 2014માં પદ્મશ્રી

www.crackgpsc.com

સન્માનથી સન્માનિત કરી ચુકી છે. પરમાણુ ઊર્જા આયોગની સ્થાપના 1948માં કરવામાં આવી હતી.

- **ખડગ પ્રસાદ શર્મા ઓલી નેપાળના વડાપ્રધાન ચૂંટાયા**

  કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ યુનિફાઇડ માર્કસવાદી-લેનિનવાદી(CPN-UML)ના નેતા ખડગ પ્રસાદ શર્મા ઓલી નેપાળના નવા વડાપ્રધાન ચૂંટાયા. કે. પી. શર્માએ નેપાળી કોંગ્રેસના નેતા સુશીલ કોઈરાલાને હરાવ્યા. ખડગ પ્રસાદ શર્મા ઓલી નેપાળના 38મા વડાપ્રધાન અને નવા બંધારણ અનુસાર નેપાળના પ્રથમ વડાપ્રધાન બન્યા.




- **રાજસ્થાન સસ્તા આવાસો માટે ખાનગી રોકાણ અપનાવનાર પ્રથમ રાજ્ય બન્યું**

  રાજસ્થાન સસ્તા આવાસો માટે ખાનગી રોકાણોને અપનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું. આ માટે રાજ્ય સરકારે ખાનગી ક્ષેત્રો સાથે 5,400 કરોડ રૂપિયાના રોકાણ માટે ચાર અગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા.

- **એંગસ ડીએટનની 2015ના અર્થશાસ્ત્રના નોબલ પુરસ્કાર માટે પસંદગી**

  વર્ષ 2015ના અર્થશાસ્ત્રના નોબલ પુરસ્કાર માટે USAના એંગસ ડીએટનની પસંદગી. તેમની પસંદગી 'ઉપભોગ, ગરીબી અને કલ્યાણ' પર તેમના વિશ્લેષણ માટે કરવામાં આવી. ડીએટનનું આ વિશ્લેષણ નીતિ નિર્માણમાં સહાયક સિદ્ધ થયું છે. આની મદદથી એ જાણવાનું સરળ થઇ ગયું છે કે ભોજન પર મુલ્ય વર્ધિત ટેક્સ લગાવવાથી સમાજનો કયો સમૂહ સૌથી વધુ પ્રભાવિત થાય છે.

- **કલમ 370નો સુધારો કે નાબુદી સંભવ નથી : જે એન્ડ કે હાઈકોર્ટ**

  જે એન્ડ હાઇકોર્ટે નિર્ણય આપ્યો કે કલમ 370 હેઠળની જોગવાઈઓમાં સુધારો, નાબુદી કે રદ કરવાની કાર્યવાહી સંભવ નથી. હાઈકોર્ટ અનુસાર જમ્મુ-કાશ્મીર રાજ્યને વિશેષ રાજ્યનો દરજ્જો બંધારણમાં સ્થાઈ રૂપે આપવામાં આવેલ છે. જેની કલમ 35A પણ રાજ્યમાં વર્તમાન કાનૂનોને સંરક્ષણ આપે છે. કલમ 370 જમ્મુ-કાશ્મીર રાજ્યને વિશેષ સ્વાયત્ત દરજ્જો પ્રદાન કરે છે.

- **ચાઈના ઓપન ટેનિસ ટુર્નામેન્ટ**

  નોવાક જોકોવિચે પુરુષ એકલનો, ગાર્બીન મુગુરૂજાએ મહિલા એકલનો, સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડીએ મહિલા યુગલનો, ડી. નેસ્ટર અને ઈ રોજર વેસલીનની જોડીએ પુરુષ યુગલનો ખિતાબ જીત્યો.

www.crackgpsc.com

- **એલેકઝાન્ડર વી લુકાશેન્કો પાંચમી વખત બેલારુસના રાષ્ટ્રપતિ ચૂંટાયા**

બેલારુસની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં એલેકઝાન્ડર લુકાશેન્કોને જીત મળી. લુકાશેન્કો વર્ષ 1994થી આ પદ પર છે અને તેઓ પાંચમી વખત આ પદ સંભાળશે. બેલારુસના બંધારણ અનુસાર નિવર્તમાન રાષ્ટ્રપતિ પુનઃ ચૂંટાઈ શકે છે.

## ➢ 3rd week

- **પંજાબ નેશનલ બેંકે (PNB) બેટન કપ હોકી ટુર્નામેન્ટ જીતી**

પંજાબ નેશનલ બેંકે (PNB) IOCને હરાવીને બેટન કપ હોકી ટુર્નામેન્ટ જીતી.

**બેટન કપ**

આ બંગાળ હોકી સંઘ દ્વારા આયોજીત કરવામાં આવે છે. આ હોકી ટુર્નામેન્ટને વર્ષ 1895માં સ્થાપિત કરવામાં આવી હતી. આ ભારતની સૌથી જૂની હોકી ટુર્નામેન્ટ છે. ભારતની સૌથી જૂની ટુર્નામેન્ટમાં બીજા સ્થાને આગા ખાન કપ છે. આ વર્ષ 1896થી મુંબઈમાં યોજવામાં આવે છે.

- **ગુજરાત સરકાર દ્વારા 31 મિશન શહેરોમાં અમૃત યોજના પ્રસ્તાવિત**

ગુજરાત સરકારે આગામી પાંચ વર્ષમાં કાયાકલ્પ અને શહેરી પરિવર્તન (અમૃત) માટે અટલ મિશન હેઠળ 31 શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓને સુનિશ્ચિત કરવા માટે 15,375 કરોડ રૂપિયાની વ્યાપક કાર્ય યોજનાનો પ્રસ્તાવ મુક્યો.

- **વિખ્યાત ફિલ્મકાર આઈ. વી. શશિ જે. સી. ડેનિયલ પુરસ્કારથી સન્માનિત**

પ્રખ્યાત મલયાલમ ફિલ્મ નિર્માતા આઈ. વી. શશિને મલયાલમ મનોરંજન ઉદ્યોગ પ્રત્યે તેમના યોગદાન માટે વર્ષ 2014 માટેનો પ્રતિષ્ઠિત જે. સી. ડેનિયલ પુરસ્કાર આપવામાં આવ્યો. શશિએ વિવિધ ભાષાઓ અને શૈલીઓમાં 150થી વધુ ભારતીય ફિલ્મોનું નિર્માણ કર્યું છે. તેઓ ખાસ કરીને દક્ષિણ ભારતીય ફિલ્મો માટે જાણીતા છે.

**જે. સી. ડેનિયલ પુરસ્કાર**

- ➢ જે. સી. ડેનિયલ પુરસ્કાર દર વર્ષે કેરળ સરકાર દ્વારા આપવામાં આવે છે.
- ➢ પુરસ્કાર ભારતીય ફિલ્મ નિર્માતા જે. સી. ડેનિયલના સન્માનમાં કેરળ સરકારના સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા 1992માં સ્થાપિત કરવામાં આવ્યો.
- ➢ પુરસ્કાર જિંદગીભરની સિદ્ધિઓ અને મલયાલમ સિનેમા માટે ઉત્કૃષ્ટ યોગદાન માટે આપવામાં આવે છે.

- **ભારતે સ્લોવાનિયા સાથે માઈક્રોલાઈટ એરક્રાફ્ટ ખરીદવા માટે કરાર કર્યો**

ભારતે સ્લોવાનિયા સાથે માઈક્રોલાઈટ એરક્રાફ્ટ ખરીદવા માટે એક કરાર કર્યો. રક્ષા વિભાગ

www.crackgpsc.com

સ્લોવાનિયાની કંપની પિપિસ્ટ્રલ પાસેથી 194 માઈક્રોલાઈટ એરક્રાફ્ટ ખરીદશે. આ 22,000 ફીટની ઊંચાઈએ ઉડી શકે છે અને લેહ અને સિયાચીનમાં પણ સરળતાથી કામ કરી શકે છે.

- **અલ્કેશ શર્મા DMICDCના CEO અને MD નિયુક્ત**

  અલ્કેશ શર્માને દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીઅલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશનના (DMICDC) CEO અને MD નિયુક્ત કરવામાં આવ્યા.

- **દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીઅલ કોરિડોર**

  દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીઅલ કોરિડોર જાપાન દ્વારા નાણાકીય અને ટેક્નિકલ મદદ પ્રાપ્ત 90 બિલીયન અમેરિકન ડોલરનો એક મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. આની કુલ લંબાઈ 1483 કિમી છે. આ છ રાજ્યો ઉત્તરપ્રદેશ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર થઈને પસાર થશે.

- **અરુણ જેટલીને 'ફાયનાન્સ મિનિસ્ટર ઓફ ધ યર, એશિયા' સન્માન**

  લંડનની પ્રતિષ્ઠિત મેગેઝિન 'ઈમર્જીંગ માર્કેટ્સ' દ્વારા કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલી 'ફાયનાન્સ મિનિસ્ટર ઓફ ધ યર, એશિયા' સન્માન માટે પસંદગી પામ્યા. મેગેઝિન અનુસાર પાછલા દોઢ વર્ષમાં ભારતની આર્થિક સફળતાને ધ્યાનમાં રાખીને જેટલી આ એવોર્ડ માટે હક્કદાર છે. ભારતે વિકાસ દરની બાબતે ચીનને પાછળ પાડી દીધું છે. સાથે જ 2015માં FDI મેળવવાની બાબતે પણ ભારતે અમેરિકા અને ચીનને પાછળ પાડી દીધાં છે.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જોર્ડન, ફિલિસ્તીન અને ઇઝરાયેલની યાત્રા કરી**

  **જોર્ડન :**

  જોર્ડન અને ભારતે છ MOU પર હસ્તાક્ષર કર્યા. જોર્ડન યુનિવર્સીટીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને ડોક્ટરેટની માનદ પદવીથી સન્માનિત કર્યા. રાષ્ટ્રપતિ મુખરજીએ અમ્માનમાં મહાત્મા ગાંધીના નામ પર એક માર્ગનું ઉદઘાટન કર્યું.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

www.crackgpsc.com

**ફિલિસ્તીન :**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ફિલિસ્તીનની યાત્રા કરનાર પ્રથમ ભારતીય પ્રમુખ છે. રાષ્ટ્રપતિએ ફિલિસ્તીનમાં લગભગ એક કરોડ 80 લાખ અમેરિકન ડોલર્સના પ્રોજેક્ટ્સ શરુ કરવાની અને 50 લાખ અમેરિકન ડોલરનું અનુદાન આપવાની ઘોષણા કરી. સાંસ્કૃતિક ક્ષેત્રે સહયોગ માટે એક MOU પર હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિને અલ-કુદ્દસ યુનિવર્સીટી દ્વારા ડોકટરેટની માનદ પદવી આપવામાં આવી. રમલ્લામાં એક સડક અને એક રાઉન્ડઅબાઉટનું નામ શરીયત-એ-અલ-હિન્દના (ભારતની સડક) નામે રાખવામાં આવ્યું.

**ઇઝરાયેલ :**

મુખરજી ઇઝરાયેલની યાત્રા કરનાર પ્રથમ ભારતીય રાષ્ટ્રાધ્યક્ષ છે. તેમને હિબ્રૂ યુનિવર્સીટીએ ડોકટરેટની માનદ ઉપાધિથી સન્માનિત કર્યા. ભારત અને ઇઝરાયેલ વચ્ચે ડબલ ટેક્સેશન અવોઇડન્સ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે એક સમજુતી થઇ.



- **ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ ચોથી વખત યુરોપીયન ગોલ્ડન બુટ પુરસ્કાર જીત્યો**

  સ્પેનના ફૂટબોલ ક્લબ રિયલ મેડ્રિડ માટે રમનાર પોર્ટુગલના સ્ટ્રાઈકર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો યુરોપના સેમેસ્ટર 2014-15માં સૌથી વધુ ગોલ કરવા માટે રેકોર્ડ ચોથી વખત યુરોપીયન ગોલ્ડન બુટના પુરસ્કારથી સન્માનિત. રોનાલ્ડો રિયલ મેડ્રિડ માટે સર્વાધિક ગોલ કરનાર ખેલાડી પણ બન્યા.

- **જમૈકાના લેખક માર્લોન જેમ્સ વર્ષ 2015ના મેન બુકર પુરસ્કારથી સન્માનિત**

  જમૈકાના લેખક માર્લોન જેમ્સને તેમની નવલકથા 'અ બ્રીફ હિસ્ટ્રી ઓફ સેવન કિલિંગ્સ' માટે વર્ષ 2015નો મેન બુકર પુરસ્કાર આપવામાં આવ્યો. જેમ્સ આ પુરસ્કાર મેળવનાર જમૈકાના પ્રથમ સાહિત્યકાર બન્યા.

**મેન બુકર પુરસ્કાર**

- મેન બુકર પુરસ્કારની સ્થાપના વર્ષ 1969માં ઇંગ્લેન્ડની બુકર મૈકોનલ કંપની દ્વારા કરવામાં આવી હતી. મેન બુકર પુરસ્કાર ફોર ફિક્શનને સંક્ષિપ્ત રૂપે મેન બુકર કે બુકર પુરસ્કાર પણ કહેવામાં આવે છે.
- આ કોમનવેલ્થ કે આયર્લેન્ડના નાગરિક દ્વારા લખાયેલ મૌલિક અંગ્રેજી નવલકથા માટે દર વર્ષે આપવામાં આવે છે.
- પ્રથમ બુકર પુરસ્કાર અલ્બાનિયાના નવલકથાકાર ઈસ્માઈલ કાદરેને આપવામાં આવ્યો હતો.

- **ચીને તિબેટમાં જૈમ હાઈડ્રોપાવર સ્ટેશનનું પરિચાલન કર્યું**

  ચીને તિબેટ સ્વાયત્ત ક્ષેત્ર (TAR) સ્થિત બ્રહ્મપુત્રા નદી પર બનાવાયેલ જૈમ હાઈડ્રોપાવર સ્ટેશનની શરૂઆત કરી. આ વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર નિર્મિત હાઈડ્રોપાવર સ્ટેશન છે. ભારતમાં આ

www.crackgpsc.com

પ્રોજેક્ટને લઈને એવી આશંકા છે કે આ પ્રોજક્ટ અંતર્ગત થતા જળ પ્રવાહથી ભારતના અરુણાચલ પ્રદેશનો નીચલો હિસ્સો અસરગ્રસ્ત થઇ શકે છે.

- **યુનુસ ખાન પાકિસ્તાન તરફથી સૌથી વધુ ટેસ્ટ રન બનાવનાર બેટ્સમેન બન્યા**

  પાકિસ્તાનના બેટ્સમેન યુનુસ ખાન જાવેદ મિયાંદાદનો રેકોર્ડ તોડીને પાકિસ્તાન તરફથી સર્વાધિક ટેસ્ટ રન બનાવનાર બેટ્સમેન બની ગયા. યુનુસ અત્યાર સુધી પોતાની કારકિર્દીમાં 102 ટેસ્ટ મેચોમાં 8851 રન બનાવી ચુક્યા છે. આ પહેલાં યુનુસે પાકિસ્તાન તરફથી સર્વાધિક 30 ટેસ્ટ શતક બનાવવાનો પણ રેકોર્ડ બનાવ્યો હતો.

- **ટાટા હાઉસિંગે ફેસબુક પર 'સોશિયલ સેલ' શીર્ષકથી અભિયાન શરૂ કર્યું**

  ટાટા હાઉસિંગે સસ્તા ઘર ઓનલાઈન વેચવા માટે ફેસબુક પર 'સોશિયલ સેલ' શીર્ષકથી નવું અભિયાન શરૂ કર્યું. આ માધ્યમથી કંપની ગોવા પેરેડાઇઝ રેસિડેન્સિઅલ પ્રોજેક્ટ્સની 250 એકમો વેચવાની યોજના બનાવી રહી છે.

- **ઓમિડ કોર્ડેસ્તાની ટ્વિટરના કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત**

  ભૂતપૂર્વ ગુગલ સલાહકાર ઓમિડ કોર્ડેસ્તાની ટ્વિટરના કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત થયા. તેઓ જેક ડોરસીના ઉત્તરાધિકારી બન્યા છે. કોર્ડેસ્તાની ટેકનોલોજી ઉદ્યોગના અનુભવી વ્યક્તિ છે. તેઓ બ્રિટનના ટેલીકોમ ગ્રુપના પણ નોન-એક્ઝીક્યુટીવ ડિરેક્ટર છે.

- **કુંધાવી કદીરેસન સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠનના ડિરેક્ટર જનરલ નિયુક્ત**

  ભારતીય નાગરિક કુંધાવી કદીરેસનને સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠનના (FAO) આસિસ્ટન્ટ ડિરેક્ટર તથા એશિયા અને પેસિફિક ક્ષેત્રના સ્થાનિક પ્રતિનિધિ નિયુક્ત કરવામાં આવ્યાં. એક અર્થશાસ્ત્રી તરીકે તેમણે ઘણા લાંબા સમય સુધી વિશ્વ બેંક ગ્રુપ સાથે કાર્ય કરેલ છે.

- **નિસાનની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સાથે સમજુતી**

  જાપાનની કાર નિર્માતા કંપની નિસાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સાથે 8 વર્ષના કરાર કર્યા. આ કરાર વર્ષ 2023 સુધી છે અને આ દરમ્યાન નિસાન ICCની ટુર્નામેન્ટ્સનું ગ્લોબલ સ્પોન્સરર રહેશે.

- **કૈલાસ સત્યાર્થીને હાવર્ડ હ્યુમેનિટેરિયન ઓફ ધ યર એવોર્ડ**

  ભારતીય નોબલ પુરસ્કાર વિજેતા કૈલાસ સત્યાર્થીને વર્ષ 2015ના પ્રતિષ્ઠિત હાવર્ડ હ્યુમેનિટેરિયન ઓફ ધ યર એવોર્ડ એનાયત. જીવત સ્તરને વધુ સારુ બનાવવા માટે પ્રેરિત કરનાર કાર્ય કરનાર વ્યક્તિને દર વર્ષે હાવર્ડ યુનિવર્સીટી તરફથી આ પ્રતિષ્ઠિત પુરસ્કાર આપવામાં આવે છે.




www.crackgpsc.com

- **સાયન્સ એક્સપ્રેસ કલાઈમેટ એક્શન સ્પેશિયલ ટ્રેનનો શુભારંભ**

સાયન્સ એક્સપ્રેસ એટલે કે સાયન્સ એક્સપ્રેસ કલાઈમેટ એક્શન સ્પેશિયલને (SECAS) નવી દિલ્હીના સફદરજંગ રેલ્વે સ્ટેશનથી રવાના કરવામાં આવી. આ ગાડી મુવિંગ સાયન્સ એક્ઝીબીશન છે. આ દ્વારા જળવાયુ પરિવર્તન અને તેનો સામનો કરવાના ઉપાયો દર્શાવવામાં આવશે.

- **ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ પોસ્ટ-ડોક્ટોરલ રિસર્ચ ફેલોશિપની ઘોષણા**

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન વિભાગે ડૉ. કલામના 85મા જન્મ દિવસ પર 16 ઓક્ટોબર 2015ના રોજ એ. પી. જે. અબ્દુલ પોસ્ટ-ડોક્ટોરલ રિસર્ચ ફેલોશિપ શરુ કરવાની ઘોષણા કરી. આનું લક્ષ્ય પર્યાવરણ અને પારિસ્થિતિકી ક્ષેત્રમાં પી.એચ.ડી. કરી રહેલ કે કરવાના હોય એવા વિદ્યાર્થીઓ છે.

- **ઓંસારી ઘારતી માગર નેપાળનાં પ્રથમ મહિલા સ્પીકર તરીકે ચૂંટાયાં**



ઓંસારી ઘારતી માગર નેપાળનાં પ્રથમ મહિલા સ્પીકર તરીકે ચૂંટાયાં. સંસદે સર્વ સંમતિથી UCPN-માઓવાદી સાંસદ ઓંસારી ઘારતી માગરને સદનના અધ્યક્ષ ચૂંટ્યાં. આ પહેલાં તેઓ સંસદમાં ઉપાધ્યક્ષ રહી ચૂક્યાં છે.

- **એમ. કે. સુરાના HPCLના અધ્યક્ષ નિયુક્ત**

એમ.કે.સુરાનાને હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પ. લિ.ના (HPCL) CMD તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સુરાના હાલમાં HPCLના તેલ ખોદકામ એકમ પ્રાઈઝ પેટ્રોલિયમ કંપની લિ.ના મુખ્ય કાર્યકારી અધિકારી છે. તેઓ માર્ચ 2016માં સેવાનિવૃત્ત થઇ રહેલ નિશી વાસુદેવનું સ્થાન લેશે.

- **મણિ રંગરાજન હાઉસિંગ ડોટ કોમના CFO નિયુક્ત**

હાઉસિંગ ડોટ કોમે મણિ રંગરાજનને પોતાના ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત કર્યા. હાઉસિંગ ડોટ કોમ મુંબઈ આધારિત એક રિયલ એસ્ટેટ સર્ચ પોર્ટલ છે. આની સ્થાપના 2012માં મુંબઈ ITIના 12 વિદ્યાર્થીઓએ મળીને કરી હતી.

- **આદિત્ય બિરલા ગ્રુપે ઓનલાઈન ફેશન સ્ટોર એબોફ ડોટ કોમનો શુભારંભ કર્યો**

ઈ-કોમર્સ વેપારમાં આવેલ ઉછાળાનો લાભ લેવા માટે આદિત્ય બિરલા ગ્રુપે નવા ઓનલાઈન ફેશન સ્ટોર એબોટ ડોટ કોમનો શુભારંભ કર્યો. એબોફ (ઓલ અબાઉટ ફેશન) પુરુષો અને મહિલાઓના કપડા, ચપ્પલ અને અન્ય સામાનની ખરીદી માટે ફેશન પોર્ટલ છે.

- **બાઈચુંગ ભૂટિયા AIFFના સલાહકાર નિયુક્ત**

ભારતીય ફૂટબોલ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન બાઈચુંગ ભૂટિયા અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘના (AIFF) સલાહકાર નિયુક્ત. વર્તમાનમાં ભૂટિયા AIFFની ટેકનિકલ સમિતિના ચેરમેન પદે કાર્યરત છે.

- **બ્રિટને ભારતને હરાવીને સુલતાન જોહોર કપ હોકી ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો**

બ્રિટનની જુનિયર હોકી ટીમે ભારતને હરાવીને સુલતાન જોહોર કપ હોકી ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. ભારતના હરજીત સિંહને બેસ્ટ પ્લેયરનો પુરસ્કાર આપવામાં આવ્યો.

**સુલતાન જોહોર કપ હોકી ટુર્નામેન્ટ :**

- સુલતાન જોહોર કપ મલેશિયામાં આયોજિત એક વાર્ષિક આંતરરાષ્ટ્રીય અંડર 21 હોકી ટુર્નામેન્ટ છે.
- આ આંતરરાષ્ટ્રીય સ્તરે રમાનાર એકમાત્ર જુનિયર હોકી સ્પર્ધા છે. ભારતની જુનિયર હોકી ટીમે સૌથી વધુ બે વખત સુલતાન જોહોર કપનો ખિતાબ જીત્યો છે.

- **વિવો IPLનું નવું ટાઈટલ પ્રાયોજક બન્યું**

BCCIએ ચીનની મોબાઈલ નિર્માતા કંપની વિવોને IPLની નવી ટાઈટલ પ્રાયોજક બનાવી. વિવોને પેપ્સિકોના સ્થાને IPLની નવી ટાઈટલ પ્રાયોજક બનાવવામાં આવી. પેપ્સીએ વર્ષ 2013માં IPLમાં સ્પોટ ફિક્સિંગ પ્રકરણમાં ઈમેજ ખરાબ થવાને કારણે આના પ્રાયોજનમાંથી ખસવાનો નિર્ણય લીધો.

- **વડાપ્રધાને IDFC બેંકનું ઉદઘાટન કર્યું**

નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં IDFC બેંકનો શુભારંભ કર્યો. IDFC (Infrastructure Development Finance Company) બેંક ખાસ રીતે ગ્રામિણ ક્ષેત્રે બેંકિંગ કાર્યો વધારવાનું કામ કરશે. આનાથી ઇન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણમાં મદદ મળશે.

- **વિજય કુમાર મલ્હોત્રાની અખિલ ભારતીય ખેલ પરિષદના અધ્યક્ષ તરીકે પસંદગી**

વી.કે.મલ્હોત્રાની અખિલ ભારતીય ખેલ પરિષદના અધ્યક્ષ તરીકે પસંદગી. તેમનું પદ રાજ્યમંત્રીની સમકક્ષ હશે. 2010ની કોમનવેલ્થ ગેમ્સમાં વિશ્વાસઘાતને કારણે સુરેશ કલમાડીની ધરપકડ બાદ મલ્હોત્રા ભારતીય ઓલિમ્પિક સંઘના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે કાર્યરત છે.

- **કર્ણાટક અને ગુજરાત સરકારે મેગી નુડલ્સ પરથી પ્રતિબંધ ઉઠાવ્યો**

કર્ણાટક અને ગુજરાત સરકારે નેસ્લે ઇન્ડિયાના ઈન્સ્ટન્ટ ફૂડ બ્રાન્ડ મેગી નુડલ્સ પરથી પ્રતિબંધ ઉઠાવી લીધો. સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત 3 પ્રયોગશાળાઓએ મેગીના સેમ્પલ ટેસ્ટ બાદ એને ક્લીન ચીટ આપી દીધી, જ્યાર પછી આ રાજ્યોમાં એના પરથી પ્રતિબંધ ઉઠાવવાની ઘોષણા કરવામાં આવી.

- **ભારતીય મૂળના પ્રણવ શિવકુમારની બરાક ઓબામા દ્વારા પ્રશંસા**

અંતરિક્ષ વિજ્ઞાનના શોખીન 15 વર્ષીય ભારતીય મૂળના અમેરિકન છાત્ર પ્રણવ શિવકુમાર અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા આયોજીત વ્હાઈટ હાઉસ એસ્ટ્રોનોમી નાઈટમાં સામેલ થયા. અહીં બરાક

www.crackgpsc.com

ઓબામાએ તેમની પ્રશંસા કરી કારણ કે પ્રણવ ગુગલ સાયન્સ ફેરમાં બે વખત 'ગ્લોબલ ફાઈનલીસ્ટ' બનનાર પ્રથમ વ્યક્તિ છે.

- **અખિલ ભારતીય ખેલ પરિષદની રચના કરવામાં આવી**

  યુવા બાબતો અને રમત-ગમત વિભાગે દેશમાં રમત અને રમતોના વિકાસ સંબંધી બાબતો પર મંત્રાલયને સલાહ આપવા માટે પ્રોફેસર વિજય કુમાર મલ્હોત્રાની અધ્યક્ષતામાં અખિલ ભારતીય ખેલ પરિષદની રચના કરી.

- **'ડ્રીમીંગ બીગ : માય જર્ની ટુ કનેક્ટ ઇન્ડિયા' - સેમ પિત્રોડા**

  'ડ્રીમીંગ બીગ : માય જર્ની ટુ કનેક્ટ ઇન્ડિયા' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ અમેરિકન લેખક ડેવિડ કેનોફની મદદથી લખવામાં આવેલ સેમ પિત્રોડાની ઓટો બાયોગ્રાફી છે.

  **સેમ પિત્રોડા**

  - ભારતીય સુચના ક્રાંતિના અગ્રદૂત ગણાતા સેમ પિત્રોડાનું પૂર્ણ નામ સત્યનારાયણ ગંગારામ પિત્રોડા છે.
  - પિત્રોડાને નામે 100થી પણ વધુ પેટન્ટ છે.
  - તેમણે ટેલીકોમ ક્ષેત્રે C-DOT (Centre for Development of Telematics) ની સ્થાપના કરી.




## ➢ 4th week

- **કેનેડા સંસદીય ચૂંટણીમાં લિબરલ પાર્ટીની જીત**

  કેનેડા સંસદીય ચૂંટણીમાં જસ્ટીન ટ્રૂડોના નેતૃત્વમાં લિબરલ પાર્ટીએ જીત મેળવી. આ સાથે જ કેનેડામાં નવ વર્ષના કન્ઝર્વેટીવ પાર્ટીના શાસનનો અંત થયો. વર્તમાનમાં કેનેડાની મુખ્ય વિપક્ષી પાર્ટી રહેલ લિબરલ પાર્ટીએ સંસદીય ચૂંટણી બહુ મોટા અંતરથી જીતી.

- **વીરેન્દ્ર સેહવાગની આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી સંન્યાસની ઘોષણા**

  વીરેન્દ્ર સેહવાગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી સંન્યાસની ઘોષણા કરી. સર ડોન બ્રેડમેન અને બ્રાયન લારા પછી ટેસ્ટ ક્રિકેટમાં બે વખત ત્રેવડી સદી બનાવનાર સેહવાગ દુનિયાના ત્રીજા બેટ્સમેન છે. વન ડેમાં બેવડી સદી મારનાર તેઓ દુનિયા અને ભારતના બીજા ક્રિકેટર છે.

- **સ્નેપડીલે અનૂપ વિકલને મુખ્ય નાણા અધિકારી નિયુક્ત કર્યા**

  સ્નેપડીલે અનૂપ વિકલને ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત કર્યા. અનૂપ વિકલ NIT, સુરતમાંથી મિકેનિકલ એન્જીનિયરીંગમાં સ્નાતક છે. તેમણે ગુજરાત યુનિવર્સીટીમાંથી MBAની ડિગ્રી મેળવી.

- **પ્રખ્યાત સમુદ્રી જીવ વૈજ્ઞાનિક સૈયદ જહૂર કાસિમનું નિધન**

  પ્રખ્યાત સમુદ્રી જીવવૈજ્ઞાનિક સૈયદ જહૂર કાસિમનું નિધન થઇ ગયું. તેઓ ભારતમાં પોલર બાયોલોજીના સંસ્થાપક તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ ભારત તરફથી વર્ષ 1981-82માં એન્ટાર્કટિકાના પ્રથમ અભિયાનના સભ્ય પણ હતા.

- **એબી ડી વિલિયર્સ MRFના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત**

  દક્ષિણ આફ્રિકન વન ડે ટીમના કેપ્ટન એબી ડી વિલિયર્સને ટાયર નિર્માતા કંપની MRFના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા. તેમના નામે શૂન્ય વગર સતત સૌથી વધુ ટેસ્ટ (78) રમવાનો રેકોર્ડ છે. તેમના નામે વન-ડેમાં સૌથી ઝડપી સદી બનાવવાનો પણ રેકોર્ડ છે. દક્ષિણ આફ્રિકા વતી ટેસ્ટ મેચોમાં બીજો સર્વાધિક વ્યક્તિગત સ્કોર (278 નોટ આઉટ) બનાવવાનો રેકોર્ડ પણ તેમના નામે છે.

- **બ્રિટને ચીન સાથે પરમાણુ કરાર કર્યો**

  બ્રિટને ચીન સાથે એક ઐતિહાસિક પરમાણુ કરાર કર્યો, જે અનુસાર ચીન વર્ષ 1980ના દાયકા પછીના બ્રિટનના પ્રથમ પરમાણુ ઊર્જા પ્લાન્ટનું નિર્માણ કરશે. બ્રિટને ચીનના રાષ્ટ્રપતિ શી ઝિંગ પિંગની બ્રિટન યાત્રા દરમ્યાન આ ઐતિહાસિક પરમાણુ કરાર કર્યો.

- **આલોક રાવત રાષ્ટ્રીય મહિલા આયોગના પ્રથમ પુરુષ સભ્ય નિયુક્ત**

ભૂતપૂર્વ જળ સંસાધન સચિવ આલોક રાવતને રાષ્ટ્રીય મહિલા આયોગના પ્રથમ પુરુષ સભ્ય નિયુક્ત કરવામાં આવ્યા. રાષ્ટ્રીય મહિલા આયોગ સામાન્ય રીતે સરકારને મહિલાઓ સંબંધી નીતિઓ પર સલાહ આપે છે. આની રચના જાન્યુઆરી 1992માં કરવામાં આવી હતી.

- **આંધ્રપ્રદેશની નવી રાજધાની તરીકે અમરાવતીનો શિલાન્યાસ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશની નવી રાજધાની તરીકે અમરાવતીનો શિલાન્યાસ કર્યો. તેલંગાણાથી અલગ થયા બાદ હવે અમરાવતી આંધ્રપ્રદેશની નવી રાજધાની બનશે. રાજધાની બનતાં જ અમરાવતી દેશની પ્રથમ સ્માર્ટ રાજધાની પણ બનશે.

- **ડૉ. કલામના નામ પર એક વણખેડાયેલા પર્વતનું નામ**

ભારતના બે પર્વતારોહકો અર્જુન વાજપાઇ અને ભૂપેશ કુમારે હિમાચલની સ્પીતી ઘાટીમાં 6180 મીટર ઊંચા એક બેનામ પર્વત પર ચઢીને ઈતિહાસ રચ્યો. આ બંને પર્વતારોહકોએ આ પર્વતનું નામ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના સન્માનમાં માઉન્ટ કલામ રાખ્યું.

- **ડૉ. શેખર બસુએ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળ્યો**

ડૉ. શેખર બસુએ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ અને પરમાણુ ઊર્જા વિભાગના સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો. ડૉ. બસુ એક પ્રસિદ્ધ પરમાણુ વૈજ્ઞાનિક છે. ડૉ. બસુ એક એન્જીનીયર છે જેમણે ભારતીય પરમાણુ વિજ્ઞાનના વિસ્તરણ માટે પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો છે.

- **અશોક એલેકઝાન્ડર શ્રીધરન જર્મની સ્થિત બોનના મેયર બન્યા**

ભારતીય મૂળના અશોક એલેકઝાન્ડર શ્રીધરને જર્મની સ્થિત બોન શહેરના મેયરના શપથ લીધા. બોન પશ્ચિમ જર્મનીની રાજધાની છે. આ જીતથી, શ્રીધરન ભારતીય મૂળના એવા પ્રથમ નાગરિક બની ગયા છે જેમની જર્મનીના કોઈ મોટા શહેરમાં મેયર પદે નિમણુક કરવામાં આવી હોય. આ ઉપરાંત તેઓ એવા પ્રથમ વ્યક્તિ છે જે અપ્રવાસી છે. દેશના 21 વર્ષોના ઈતિહાસમાં એવું પ્રથમ વખત બન્યું છે કે જયારે ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન ઓફ જર્મની પાર્ટીમાંથી કોઈ ઉમેદવાર મેયર બન્યું હોય.

- **ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબે કન્ફ્યુશિયસ શાંતિ પુરસ્કારથી સન્માનિત**

ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબેને કન્ફ્યુશિયસ શાંતિ પુરસ્કાર-2015થી સન્માનિત કરવામાં આવ્યા. તેમને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરીને દેશની સરકાર, અર્થવ્યવસ્થાને સુધારવા તથા 91 વર્ષની આયુમાં પણ સક્રિય રીતે કાર્ય કરવા માટે સન્માન આપવામાં આવ્યું.




www.crackgpsc.com

**કન્ફ્યુશિયસ શાંતિ પુરસ્કાર**

- આ પુરસ્કાર કન્ફ્યુશિયસના વિચારો પર આધારિત વિશ્વમાં શાંતિની સ્થાપના અને વિચારોના પ્રસાર માટે આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ચીન દ્વારા આપવામાં આવનાર સૌથી મોટો પુરસ્કાર છે તથા આને નોબલ શાંતિ પુરસ્કારની સમકક્ષ ગણવામાં આવે છે.
- આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2010માં ચીનની કમ્યુનિસ્ટ સરકાર દ્વારા કરવામાં આવી.
- એવું કહેવાય છે કે આને ચીન સરકારના જેલમાં કેદ લિઉ જિયાબોને નોબલ શાંતિ પુરસ્કાર મળવાથી ક્ષુબ્ધ થતાં શરુ કરવામાં આવેલ છે.

- **મહિલાઓને લડાકુ પાયલટ તરીકે સામેલ કરવાની મંજુરી**

રક્ષા મંત્રાલયે ભારતીય વાયુ સેનાના લડાકુ સંવર્ગમાં મહિલાઓને લડાકુ પાયલટ તરીકે સામેલ કરવાની મંજુરી આપી. આ નિર્ણય અંતર્ગત શરૂઆતમાં મહિલા પાયલટ્સની પસંદગી વર્તમાનમાં વાયુસેના એકેડમીમાં તાલીમ લઇ રહેલ મહિલાઓની બેચથી કરવામાં આવશે.

- **મુંબઈ અને ગોવા વચ્ચે દેશની પ્રથમ એસી ડબલ ડેકર શતાબ્દી ટ્રેનની યોજના**

રેલ વિભાગે મુંબઈ અને ગોવા વચ્ચે દેશની પ્રથમ એસી ડબલ ડેકર શતાબ્દી ટ્રેન શરુ કરવાની યોજના તૈયાર કરી છે. પ્રસ્તાવિત ટ્રેન ચલાવવાનો મુખ્ય હેતુ પર્યટનને પ્રોત્સાહન આપવાનો છે. પ્રથમ ડબલ ડેકર એસી ટ્રેન હાવડા અને ધનબાદ વચ્ચે ઓક્ટોબર 2011માં શરુ કરવામાં આવી હતી.

- **લુઇસ હેમિલ્ટને ત્રીજી વખત ફોર્મ્યુલા વન વિશ્વ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો**

મર્સિડીઝ ડ્રાઈવર લુઇસ હેમિલ્ટને ત્રીજી વખત અમેરિકન ગ્રાં. પ્રિ. ફોર્મ્યુલા વન ખિતાબ જીત્યો. હેમિલ્ટન ફોર્મ્યુલા વનના ઈતિહાસમાં કોઈ પણ અન્ય બ્રિટીશ ડ્રાઈવરની તુલનાએ સૌથી વધુ રેસ જીતનાર બ્રિટીશ ડ્રાઈવર બની ગયા.

- **દૂરદર્શન સૌથી વધુ જોવામાં આવતી હિન્દી ચેનલ બની**

BRC રેટિંગ અનુસાર દરેક ચેનલ પર દર્શકોએ વ્યય કરેલ સમયનું આકલન કરવામાં આવે તો દૂરદર્શન સૌથી વધુ જોવામાં આવતી હિન્દી ચેનલ બની. આંકડા દર્શાવે છે કે જયારે દર્શક દૂરદર્શન પર આવે છે તો તેઓ લાંબા સમય સુધી આ જ ચેનલ જોવાનું પસંદ કરે છે.

- **બંદીપસિંહે રણજીમાં સૌથી ઝડપી અર્ધશતક બનાવવાનો રેકોર્ડ બનાવ્યો**

જમ્મુ કાશ્મીરના યુવા બેટ્સમેન બંદીપસિંહે રણજીમાં ત્રિપુરા વિરુદ્ધ માત્ર 15 બોલમાં અર્ધશતક બનાવીને સૌથી ઝડપી પચાસ રન બનાવવાનો નવો રેકોર્ડ બનાવ્યો. આ પહેલાં આ રેકોર્ડ સંયુક્ત રૂપે હિમાચલ પ્રદેશના શક્તિસિંહ અને વડોદરાના યુસુફ પઠાણના નામે હતો જેમણે સમાન 18 બોલમાં અર્ધશતક પૂર્ણ કર્યું હતું.

www.crackgpsc.com

- **GST અંતર્ગત આલ્કોહોલ અને તમાકુ પર 'અનિષ્ટ કર' લગાવવામાં આવશે**

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) અંતર્ગત જે કંપનીઓ આલ્કોહોલ અને તમાકુ જેવી નુકસાનકારક વસ્તુઓ બનાવે છે તેમને અનિષ્ટ કર ચૂકવવો પડશે. GST 1 એપ્રિલ 2016થી લાગુ થશે. આનાથી દેશભરમાં એક સમાન અપ્રત્યક્ષ ટેક્સ વ્યવસ્થા હશે. અનિષ્ટ વેરો એવી વસ્તુઓ પર લાદવામાં આવે છે જે સામાજિક દ્રષ્ટિએ હાનિકારક કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ નુકસાનકારક ગણવામાં આવે છે.

- **સંયુક્ત રાષ્ટ્રોનો 70મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો**

24 ઓક્ટોબરના રોજ સંયુક્ત રાષ્ટ્રોનો 70મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો. દ્વિતીય વિશ્વ યુદ્ધના દુષ્પરિણામો ભોગવી રહેલ દુનિયામાં શાંતિ અને સહયોગપૂર્ણ વાતાવરણ સુનિશ્ચિત કરવાના હેતુથી 24 ઓક્ટોબર 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી હતી.

- **ચીને તિંહુઈ (Tianhui) 1 શ્રેણીના ત્રીજા માનચિત્ર ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યુ**

ચીને તિંહુઈ (Tianhui) 1 C માનચિત્ર ઉપગ્રહનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું. આ ઉપગ્રહ વૈજ્ઞાનિક પ્રયોગો, ભૂમિ સંસાધન સર્વેક્ષણ, માનચિત્રણ, પાકના ઉત્પાદનના અંદાજ અને સંકટ રાહતના અંદાજ માટે દેશની ક્ષમતાને પ્રોત્સાહન આપશે. તિંહુઈ 1 C, તિંહુઈ 1 શ્રેણીનો ત્રીજો ઉપગ્રહ છે.

- **વેસ્ટર્ન ડિજીટલ 19 બિલિયન અમેરિકન ડોલરમાં સેનડિસ્ક ખરીદશે**

વેસ્ટર્ન ડિજીટલ કોર્પોરેશને સેનડિસ્ક કોર્પોરેશનને 19 બિલિયન અમેરિકન ડોલરમાં ખરીદવાની ઘોષણા કરી. બંને બહુરાષ્ટ્રીય કંપનીઓ અમેરિકાની છે. સેનડિસ્કના સહ-સંસ્થાપક ભારતીય મૂળના ઉદ્યમી સંજય મલ્હોત્રા છે.

- હોલીવુડની પ્રસિદ્ધ અભિનેત્રી મોરીન ઓ'હારાનું નિધન

આયરીશ મૂળની પ્રસિદ્ધ અમેરિકન અભિનેત્રી મોરીન ઓ'હારાનું નિધન થયું. મોરીનને તેમના લાલ વાળ અને લીલી આંખોને કારણે ફિલ્મ ઉદ્યોગમાં 'ટેક્નીકલર કી રાની' તરીકે ઓળખવામાં આવતાં હતાં.

- **હાશિમ અમલા વન ડેમાં સૌથી ઝડપી 6000 રન બનાવનાર બેટ્સમેન બન્યા**

દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર હાશિમ અમલા વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 6000 રન બનાવનાર બેટ્સમેન બન્યા. અમલાએ ભારતના વિરાટ કોહલીનો રેકોર્ડ તોડતાં 126મી મેચના 123મા દાવમાં આ સિદ્ધિ મેળવી. વિરાટ કોહલીએ 144 મેચના 136 દાવમાં 6000 રન પુરા કર્યા હતા.

- **નાણાં મંત્રી અરુણ જેટલીએ 'પેન કેમ્પ' અને 'ઈ સહયોગ'નો શુભારંભ કર્યો**

નાણાં મંત્રી અરુણ જેટલીએ પાયલટ પ્રોજેક્ટના આધારે પેન કેમ્પ અને ઈ સહયોગ યોજનાની શરૂઆત કરી. ઈ સહયોગ કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડની (CBDT) પેપરલેસ પહેલ છે. આના દ્વારા ઇન્કમટેક્ષ

પેયર્સ નોટિસ જ નહિ પરંતુ ભૂલો પણ મેલથી જ સુધારી શકાશે. આ ઉપરાંત દૂરના વિસ્તારો માટે ખાસ પેન કેમ્પની પણ શરુઆત કરવામાં આવી.

- **બ્રિટનના 'કરી કિંગ' લોર્ડ ગુલામ નૂનનું નિધન**

ભારતીય વ્યંજનોના પ્રખ્યાત વ્યવસાયી 'કરી કિંગ'ના નામથી જાણીતા ભારતીય મૂળના લોર્ડ ગુલામ નૂનનું અવસાન થયું. નૂને નૂન પ્રોડક્ટ્સની સ્થાપના કરી હતી. તેમનું વિશેષ 'ચિકન ટિક્કા મસાલા' પ્રખ્યાત છે.




www.crackgpsc.com